Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# નારીમુક્તિ અંગે ગાંધીજીના વિચારો

પ્રા.ડો.ભેનીબેન અરજણભાઈ મોઢવાડિયા

વ્યાખ્યાતા, શ્રી શારદાપીઠ આર્ટ્સ ,કોમર્સ એન્ડ કોલેજ ઓફ એજ્યુકેશન, દ્વારકા

*સારાંશ:*

*પ્રાચીન કાળમાં સ્ત્રીના દરજ્જા અને એમના સ્થાનમાં પુરુષોનું જે વર્ચસ્વ હતું એમાં ગાંધીજીના પ્રયત્નોથી ઘણો સુધારો થયો છે. પરંતુ એ પણ એટલું સત્ય છે કે સ્ત્રી પુરુષની નકલ કરીને કે તેની સાથે સ્પર્ધામાં ઉતારીને જગતના હિતમાં પોતાનો ફાળો નહીં આપી શકે. સ્ત્રી પુરુષની સમોવડી તો છે જ પણ તે પુરુષની નકલ કરવા જશે તો જે ઊંચાઈ સુધી ચડવાની પોતાની શક્તિ છે ત્યાં સુધી ચડી નહીં શકે. સ્ત્રીએ તો પુરુષનો આદર્શ બનવાનું છે. જે કામ પુરુષ ન કરી એવા તમામ કામો સ્ત્રીઓ કરી શકે. ગાંધીજી સ્ત્રી મુક્તિના હિમાયતી હતા તેમની સાથે જ હતી. ગાંધીજી સ્પષ્ટ માનતા કે સ્ત્રીએ પુરુષની વિરુદ્ધ જઈને નહીં પણ તેને સાથે રહીને દરેક કાર્યમાં પોતાનો ફાળો આપવો જોઈએ. એવું કોઈ કાર્ય નથી કે જે સ્ત્રી ન કરી શકે. જરૂર છે માત્ર સ્ત્રીઓમાં રહેલી શક્તિને બહાર લાવવાની. "નારી તું નારાયણી" એ ગાંધીજીએ સત્ય કરીને બતાવ્યુ. હાલના સમયમાં સ્ત્રીની જે પુરુષની સમોવડી બનીને પોતાની ભૂમિકા નિર્ભય બનીને ભજવે છે. તેનો પાયો ગાંધીજી નાખ્યો હતો. ગાંધીજી તત્કાલિન સમયમાં નારીનું જે સ્થાન હતું. તે સ્થાનમાં સુધારો કરવા પ્રયત્નો કર્યા હતા. ગાંધીજીએ કહ્યું હતું કે આપણે ભારતમાતા અને મમતાની મુર્તિ એવી માનું ઋણ ક્યારેય ચૂકવી શકીશું નહીં. આપણે તેમના તરફ વફાદાર રહીને શોષણ બંધ કરવું જોઈએ. ગાંધીજીએ મહિલાઓને ગૌરવન્વિત કરતાં કહ્યું હતું કે સ્ત્રી ઈશ્વરની સર્વોત્કૃષ્ટ કૃતિ છે તે અહિંસાનો અવતાર છે. તથા દરેક કાર્યોમાં પુરુષોથી આગળ છે.*

"યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતા " જ્યાં સ્ત્રીઓની પૂજા થાય છે ત્યાં દેવતાઓ નિવાસ કરે છે. છેક પ્રાચીન સમયથી આપણે સંસ્કૃતની આ સુક્તિ સાંભળીએ છીએ. મહાત્મા ગાંધીજીએ પણ જીવન કાર્ય દરમિયાન મહિલાને ખૂબ જ અગ્રેસરનું સ્થાન આપ્યું છે. તેઓ પુરુષોની સરખામણીમાં મહિલાઓને વધુ શક્તિશાળી અને મજબૂત માનતા હતા. તેઓ સ્ત્રીઓને અબળા માનતા જ નહીં. તેઓ કહેતા કે સ્ત્રીઓને અબળા કહેવી એ સ્ત્રીઓનુ અપમાન કરવા બરાબર છે. તેઓ દ્રઢપણે દીકરા-દીકરીના સમાન અધિકારમાં માનતા.

ગાંધીજીના વ્યક્તિત્વના અનેક પાસાંઓ જોવા મળે છે જેમ કે લોકનાયક, ગરીબના ઉદ્ધારક, રામરાજયના સ્વપ્નદ્રષ્ટા, નારીના હિતરક્ષક, અહિંસાના પૂજારી, નીડર નેતા, સાહિત્ય સર્જક વગેરે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કૃષ્ણએ પોતાની વિભૂતિ ગણાવી છે. જેમાં કંઇક વિશેષતા છે એ પ્રભુની વિભૂતિ ગણાવી શકાય. આ દ્રષ્ટિએ ગાંધીજીનો સમાવેશ ભગવાનની વિભૂતિમાં કરી શકાય. આ છે ગાંધીજીના દિવ્ય વ્યક્તિત્વની ઝાંખી. ઉપર જોયું એ પ્રમાણે ગાંધીજીની પ્રતિમા બહુમુખી છે. તેમણે માનવ-જીવનની-જગતની મોટાભાગની બાબતોમાં પોતાનું આગવું પ્રદાન રજૂ કર્યું છે. તેમના બહુમૂલ્ય પ્રદાનનું એક ક્ષેત્ર એટલે નારીમુક્તિ અંગેનું એમનું પ્રદાન.

વિકસિત એવા ભારતીય સમાજમાં છેક પ્રાચીન કાળથી જ્ઞાતિપ્રથા, સંયુક્ત કુટુંબ, લગ્ન મૂલ્ય અને દરેક સમાજના પોત-પોતાના આગવા રિવાજોનું પ્રાબલ્ય

જોવા મળે છે. ભારતીય સમાજ પુરુષ પ્રધાન સમાજ છે.પ્રાચીનકાળથી હાલના કમ્પ્યુટર યુગમાં પણ સામાન્ય રીતે સ્ત્રીને વિશેષ દરજ્જો આપવામાં આવતો નથી. સ્ત્રીની ઓળખ માત્ર કુટુંબ પૂરતી સીમિત ગણવામાં આવે છે. આથી ભારતમાં સ્ત્રી હક-હિસ્સો, ઓળખ કુટુંબ, જ્ઞાતિ વર્ગ અને સમુદાય પૂરતા મર્યાદિત ગણવામાં આવે છે. ભારતમાં સ્ત્રીના દરજ્જાની સુધારણા માટેના પ્રયાસોની પ્રારંભ ઘણો પ્રાચીન છે. એમાં ગાંધીજીની ભૂમિકા પણ મહત્વની ગણી શકાય. મહાત્મા ગાંધીજી એક એવા સમાજનું નિર્માણ કરવા ઇચ્છતા હતા. જેની બુનિયાદ ન્યાય, સમાનતા અને શાંતિ પર આધારિત હોય છે. આવા સમાજનું નિર્માણ ત્યારે જ શક્ય બને કે જેમાં સ્ત્રી અને પુરુષ સમાન અધિકાર હોય મહાત્મા ગાંધીજીએ સ્વીકાર્યું હતું કે તેમને સત્ય અને અહિંસાના માર્ગ પર ચાલવાની પ્રેરણા તેમના માતા અને પત્ની પાસેથી મળી હતી. મહાત્મા ગાંધી પોતાની માતા અને પત્નીને પથ-દર્શક માનતા હતા. અહિંસા માટેની પ્રેરણા પણ તેમણે કસ્તુરબા પાસેથી મળી હતી તેવું તેઓ સ્વીકારે છે. તેઓ માને છે કે દાંડીકૂચ અને સત્યાગ્રહ માત્ર મહિલા કાર્યકરોના કારણે જ સફળ થયા હતા. ગાંધીજી પુરુષની સરખામણીમાં સ્ત્રીને વધારે શક્તિશાળી અને કાર્યશીલ ગણતાં હતા. સ્ત્રીઓના અધિકારોની બાબતમાં આજે જે સરખામણી જોવા મળે છે એનો પાયો ગાંધીજીએ નાખ્યો હતો. "નારીમુક્તિ અંગે ગાંધીજીના વિચારો" અંગે ચર્ચા કરવા પ્રસ્તુત શોધ પેપર તૈયાર કર્યું છે.

- <u>ગાંધીજીની દ્રષ્ટિએ સ્ત્રીઓના અધિકાર :</u>

ગાંધીજીએ જ્યારે સ્ત્રીઓના અધિકારો માટે અવાજ ઉઠાવ્યો હતો ત્યારે સમાજમાં સ્ત્રીનું કોઈ સ્થાન નહોતું. બાળ-વિવાહ, દહેજ પ્રથા, પરદા પ્રથા વગેરે દૂષણો સમાજમાં ફેલાયેલા હતા. સ્ત્રીઓને એકલા બહાર જવાની પણ છૂટ નહોતી. સ્ત્રી કેળવણીની તો વાત જ શું કરવી? ગાંધીજીને લાગ્યું કે જ્યાં સુધી સ્ત્રીઓને આ બંધનમાંથી મુક્તિ નહીં મળે ત્યાં સુધી સ્ત્રીઓને સમાજના પુરુષોના જોહુકમીનો સામનો કરવો પડશે. જ્યાં સુધી સ્ત્રીઓમાં શિક્ષણનું સ્તર ઉપર નહીં આવે ત્યાં સુધી એમાં સુધારો લાવવો અશક્ય છે. આથી જ તેમણે હંમેશા પોતાના ભાષણોમાં મહિલાઓને મહત્વપૂર્ણ સ્થાન આપ્યું હતું. તેમની દ્રષ્ટિએ દીકરા-દીકરીને પૈતૃક સંપતિમાં સમાન અધિકાર છે જેટલી સતા પુરુષ ભોગવે છે એટલી જ સતા સ્ત્રીને મળવી જોઈએ. તેમનું માનવું છે કે સ્ત્રીઓમાં જ્ઞાન વિનમ્રતા ધૈર્ય ત્યાગ અને વિશ્વાસની મુર્તિ છે. ગાંધીજી જે અહિંસાનો ઉપદેશ આપે છે. તેમાં સહનશક્તિ હોવી અતિ આવશ્યક છે. સહનશક્તિ એ જ મહિલાનો પ્રમુખ ગુણ છે. ગાંધીજી સીતા, દ્રૌપદી, દમયંતિ, અને સાવિત્રી જેવી નારીઓના દ્રષ્ટાંત આપીને બતાવ્યું છે કે સ્ત્રીઓ ક્યારેય કમજોર હોતી નથી.

- <u>સ્ત્રીઓમાં નેતૃત્વ શક્તિ :</u>

ગાંધીજી કોંગ્રેસના મહિલા નેતૃત્વને પ્રોત્સાહિત કર્યા અને દરેક ચળવળમાં તેમની સક્રિય ભાગીદારીને આવશ્યક

ગણાવી. ઇ.સ.૧૯૨૧ માં જ્યારે મહિલાઓ માટે મતદાનનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો ત્યારે મહાત્મા ગાંધીજીએ તેનું જોરદાર સમર્થન કર્યું હતું. સ્ત્રી એટલી સશક્ત હોવી જોઈએ કે તેણે ગમે તેવી પરિસ્થિતીમાં "ના" કહેતા પણ અચકાવું જોઈએ નહીં. સ્ત્રીઓએ સશક્ત બનવું હોય તો તેની શરૂઆત કુટુંબથી કરવી જોઈએ. સમાજમાં માન-હાનીને બીકે સ્ત્રીઓ જુલમ સહન કરશે તો સમાજ તેમને ક્યારેય આદર-સત્કાર નહીં આપે. ગાંધીજી કહ્યું હતું કે, જે દિવસે સ્ત્રી રાત્રે રસ્તા પર મુક્તપણે ફરશે તે દિવસે ભારતમાં સાચી આઝાદી આવશે. ગાંધીજી માનતા હતા કે સ્ત્રીઓ પોતે જ પોતાના જ નહીં પરંતુ સમગ્ર માનવ જાતિના કલ્યાણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. તેઓ કહેતા હતા કે મહિલાઓને આઝાદ થવું હોય તો નીડર બનવું પડશે. પરિવાર અને સમાજના બંધને તોડીને તેમના પર લાદવામાં આવતા અન્યાયને વિરોધ કરવાથી જ તેમને અન્યાયમાંથી મુક્તિ મળી શકે છે. ગાંધીજી સ્ત્રીઓને પુરુષની કોઈ પણ બાબતથી ઓછી માનતા ન હતા પરંતુ સ્ત્રીઓ એક પગલું આગળ હતી પુરૂષોથી.

- <u>સ્ત્રી-શિક્ષણ:</u>

ગાંધીજી શિક્ષણના માધ્યમથી સ્ત્રી-મુક્તિમાં વિશ્વાસ રાખતા હતા.તેમનું માનવું છે કે સ્ત્રીઓ શિક્ષિત હશે તો સમાજના કુરિવાજો સામે માથું ઊંચું કરી શકશે.ગાંધીજીના મત પ્રમાણે શિક્ષા એવી હોવી જોઈએ કે છોકરી પોતાના પ્રત્યે જ વધારે સજાગ બને. એકબીજા સાથે વધારે સન્માનની ભાવના પેદા કરે. મહિલાઓ માટે એવું કોઈ ચોક્કસ કારણ નથી કે તે પોતાને પુરુષોને ગુલામ સમજે. ભારતમાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હતું જેથી એવી વ્યવસ્થા કરવી જોઈએ કે સ્ત્રીઓને પણ સરળતા શિક્ષણ પ્રાપ્ત કરી શકે. સાથે-સાથે એવી શિક્ષા જે ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાની સાથે તાલ-મેલ મિલાવી શકે પ્રત્યેક દીકરીને શિક્ષણની સાથે-સાથે વિવિધ સ્વરોજગારની તકો પ્રાપ્ત થાય એવું શિક્ષણ આપવું જોઈએ. ગાંધીજીનું માનવું છે કે સ્ત્રી પુરુષ ઉપર નિર્ભર ન રહે પરંતુ પોતાની રીતે પોતાની સ્વતંત્ર ઓળખ ઊભી કરે. આ માટે પ્રત્યેક નારી શિક્ષણ મુજબ રોજગાર પ્રાપ્ત કરવાની જરૂરત છે. જેથી અન્ય દેશોની સરખામણીમાં આપણો દેશ પણ આગળ આવે ગાંધીજી કહે છે કે સ્ત્રીઓને શિક્ષણ મળવું જોઈએ. તેમણે દીકરા દીકરી માટે સમાન શિક્ષણ હોવું જોઈએ. એ બુનિયાદી રાષ્ટ્રીય શિક્ષણ યોજના અંતર્ગત ૭ થી ૧૪ વર્ષના છોકરો છોકરી બંને માટે મફત અને ફરજિયાત શિક્ષણનો પ્રસ્તાવ મૂક્યો. ગાંધીજી માનતા હતા કે પ્રાથમિક શિક્ષણ છોકરી-છોકરામાં સમાન હોવું જોઈએ. ત્યારપછીના અભ્યાસક્રમમાં છોકરીઓને માટે ગૃહવિજ્ઞાનમાં પણ રસ-રુચિ જાગે એવા પ્રયત્નો કરવા જોઈએ. "અખિલ ભારતીય મહિલા સંમેલન" ના પ્રયાસોથી વર્ષ ૧૯૩૨ માં લેડી ઇર્વિન સાયન્સ કોલેજની સ્થાપના થઈ.

- <u>સ્ત્રી પુરુષની આર્થિક સમાનતા :</u>

ગાંધીજીના મત પ્રમાણે પુરુષ નોકરી ધંધામાંથી જે પૈસા કમાય છે. એમાં પતિ પત્ની બંને સરખા હકદાર છે. પત્ની ઘરકામ કરતી હોય અને પતિ ધંધો રોજગાર કરીને પૈસા કમાતો હોય તો પણ એ સંપતિમાં પત્નીને પણ પતિ જેટલો જ હિસ્સો મળવો જોઈએ. સ્ત્રી પુરુષની આર્થિક સમાનતા સમજાવતા ગાંધીજીએ કહ્યું: મારામાં સ્ત્રી પુરુષ વચ્ચે ભેદભાવ કરવાની વૃતિ નથી. હું માનું છું કે સ્ત્રીઓના આર્થિક અધિકારો અને ફરજો પુરુષોના અધિકારોની સમાન હોવા જોઈએ. ભારતીય સમાજના વિવાહના સમયે કન્યાદાન કરવામાં આવે છે. ગાંધીજીના મતે "કન્યાએ સંપતિ નથી કે કોઈ ચીજ વસ્તુ નથી જેનું દાન કરી શકાય". પૈતૃક સંપતિમાં દીકરા-દીકરીના સમાન અધિકાર હોવી જોઈએ એવું ગાંધીજી સ્પષ્ટપણે માનતા હતા. ભારતીય સમાજ પુરુષ પ્રધાન હોવાથી કમાવાની જવાબદારી પુરુષોની છે અને ઘર ચલાવવાની જવાબદારી સ્ત્રીઓની. છતાં પણ સંપતિમાં બંનેનો સમાન હિસ્સો હોવો જોઈએ.

- <u>સ્ત્રી અને પુરુષ એકબીજાના પૂરક:</u>

ગાંધીજીએ સ્ત્રીને પુરુષની દાસી નહીં પણ પુરુષ સમોવડી ગણી છે. વિશ્વશાંતિ અને અહિંસાના પૂજારી ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને આઝાદીની લડાઈમાં રાજનૈતિક આઝાદીની સાથે-સાથે શાંતિ અને સમન્વયના દ્રષ્ટિકોણથી સંણપૂર્ણ ભારતમાં સામાજિક સમાનતાના દ્રષ્ટિકોણ પણ રાખે છે. ગાંધીજી નારીમુક્તિના હિમાયતી હતા પરંતુ સ્ત્રીઓને પુરુષોથી અલગ થઈને સ્વાયત સ્ત્રી સમાજ બનાવે અથવા સમલૈંગિક સબંધોને સ્વીકારે તેવું કદી ઇચ્છતા નહોતા. તેઓ ઇચ્છતા હતા કે ભારતની સ્ત્રીઓ પુરુષોથી બિલકુલ જ સ્વતંત્ર રહે એ ઉચિત નથી. ભારતીય સંસ્કૃતિ માટે પણ ઉચિત નથી. તેઓ ઇચ્છતા હતા કે પુરુષ અને સ્ત્રી પોતપોતાના ક્ષેત્રમાં અગ્રેસર રહે. સ્ત્રી પુરુષની દાસી નથી. સ્ત્રી-પુરુષે સાથે મળીને આદર્શ દાંપત્યજીવન જીવે. તેઓ છૂટાછેડાના પણ હિમાયતી નહોતા બંને એક બીજાની મુક્તિમાં સહયોગ કરે. તેઓ કહે છે કે સ્ત્રી-પુરુષ વચ્ચે જે ભેદો કુદરતે મૂક્યા છે અને જે નારી આંખે જોઈ શકાય છે એ સિવાય કશો ભેદ મને માન્ય નથી.

- <u>ગાંધીજીના મતે રાજકીય-સામાજિક ક્ષેત્રે સ્ત્રી:</u>

ઇતિહાસકાર રાધાકુમારના શબ્દોમાં કહીએ તો " ગાંધીજીને મહિલાઓ પ્રત્યેના તેમના નારીવાદી વિચારો અને નારીકરણની રાજનીતિના વલણને કારણે ભારતીય મહિલા ચળવળના પિતા તરીકે નામના મેળવી હતી". મહાત્મા ગાંધીજી ચોક્કસપણે ભારતીય મહિલા ચળવળના પિતા ગણાતાં હતા. ગાંધીજીના સમયમાં સ્ત્રીઓની સ્થિતિ દયનીય હતી. સ્ત્રી એકલી ઘરનો ઉંબરો પણ ઓળંગી શકતી નહીં. સામંતશાહી વ્યવસ્થા અને પિતૃપ્રધાન સમાજમાં મહિલાઓ જાહેર સરઘસો કાઢે, આંદોલન કરે આ બધુ અકલ્પનીય હતું પણ ગાંધીજીએ આ ચમત્કાર કર્યો. કશ્મીરથી કન્યા કુમારી સુધી તત્કાલિન ભારતભરમાંથી મોટી સંખ્યામાં આઝાદીની ચળવળમાં રસ્તા ઉપર સ્ત્રીઓ ઉતરી તે

સમયે સ્ત્રીઓમાં જે હિંમત અને ગતિશીલતા મળી હતી તે બધુ ગાંધીજીને કારણે હતું.

- સ્ત્રી પુરુષ વચ્ચેની અસમાનતા:

મૂળભૂત રીતે સ્ત્રી અને પુરુષ એક છે. તેમની સમસ્યાઓ એક સરખી હોવી જોઈએ બંનેમાં આત્મા છે સ્ત્રી પુરુષ એકબીજાના પૂરક છે. એકબીજાને મદદ વિના જીવી શકતા નથી છતાં પણ કુદરતી રચનામાં ભેદ જોવા મળે છે. બંનેમાં કેટલાક ગુણો અલગ અલગ જોવા મળે છે. સ્ત્રીઓમાં માતૃત્વની ભાવના વિશેષ જોવા મળે છે એવી પુરુષોમાં નથી. બાળકોની ઉછેરવાની કળા સ્ત્રીઓમાં વિશેષ રૂપે જોવા મળે છે. માતૃત્વની ફરજ જે મોટા ભાગની સ્ત્રીઓ હંમેશા નિભાવે છે. બાળકોને ઉછેરવાની કળા તેમનો એક માત્ર વિશેષાધિકાર છે. ગાંધીજી દ્રઢપણે મને છે કે સ્ત્રી અહિંસાનું મૂર્ત સ્વરૂપ છે સ્ત્રીઓમાં દુખ સહન કરવાની શકતી રહેલી છે. સ્ત્રી પોતાના ગર્ભમાં બાળકને ધારણ કરે છે અને આ સમય દરમિયાન અનેક પ્રકારના કષ્ટો સહન કરે છે છતાં પણ આનંદ મેળવે છે. પ્રસવની પીડા પણ માંની મમતા આગળ ગૌણ બની જાય છે. તે એ પણ ભૂલી જય છે કે ગોદમાં રહેલા બાળક એ કોઈકની વાસનાનો શિકાર છે પરંતુ પોતાના બાળકને સમાજમાં તે ગૌરવપૂર્ણ સ્થાન અપાવવાનો પ્રયત્ન કરે છે.

- સ્ત્રીને દેવીનું સ્વરૂપ:

ગાંધીજીના મતે સ્ત્રી પોતે જ એટલી બળવાન છે કે પોતાનું જ નહીં પરંતુ સમગ્ર માનવ જાતિના કલ્યાણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે. તેમનું કહેવું છે કે સ્ત્રીઓને જો આઝાદ થવું હશે તો તેમને નીડર પણ બનવું પડશે. કુટુંબ અને સમાજના બંધનો તોડીને અન્યાયનો વિરોધ કરવો પડશે અને આ શક્તિ જ તેમને અત્યાચારમાંથી મુક્તિ આપવી શકશે. બાલ્યાવસ્થામાં ગાંધીજી પોતાની માતા પૂતળીબાઈના ગુણોથી પ્રભાવિત હતા. જેનાથી ગાંધીજીના નૈતિકતા અને કરુણાની ભાવનાનો વિકાસ થયો. ગાંધીજીએ શપથ લઈને અભ્યાસ કરવા ઈંગ્લેન્ડ જવાની પરવાનગી માતા પાસેથી મેળવી હતી." તેણે દારૂ, સ્ત્રીઓ, માંસને સ્પર્શ ન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ ત્રણેય પ્રતિજ્ઞા તેમણે ઈંગ્લેન્ડના અભ્યાસ કાળમાં નિભાવી હતી. ગાંધીજી ૧૩ વર્ષની ઉમરે કસ્તુરબા સાથે લગ્ન કર્યા હતા પરંતુ તેણે ક્યારેય કસ્તુરબા ઉપર પતિ તરીકેના રોફ જમાવ્યો ન હતો. કસ્તુરબા તેમની તમામ પ્રવૃતિઓમાં તેમની સક્રિય ભાગીદારી કરી હતી. તે એક સમર્પિત પત્ની હતી જે તેના પ્રતિષ્ઠિત પતિની છાયામાં રહેવા માટે સંતુષ્ટ હતી. ગાંધીજી સ્વીકારે છે કે તેમણે કસ્તુરબા પાસેથી ઘણું બધુ શીખ્યું હતું કદાચ તેમના કરતાંય વધારે.